# ક્ષત્રિય ઠાકોર સમાજના યુવકના મોત સંદર્ભે ગ્રામજનોની રેલી

ઊંઝા, તા.૨૮

વિસનગર તાલુકાના તરભ ગામના વતની અને ઊંઝા ખાતે કોહિનુર કલીનીંગ ફેકટરીમાં નોકરી કરતા શિવાજી વિરાજી ઠાકોરના થયેલ મોત સંદર્ભે ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા પોલીસની ઢીલી નીતિના વિરોધમાં આજે ઊંઝા ખાતે ગાંધીચોકમાં વિશાળ સભા યોજાઈ હતી. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બળદેવજી ઠાકોર, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રામાજી ઠાકોર તથા સમાજના આગેવાનોએ ઠાકોર સમાજના યુવકની હત્યા થવા છતાં પોલીસ કોઈ નકકર તપાસ કરતી ન હોઈ ભારે આક્રોશ વ્યકત કરીને સત્વરે યોગ્ય તપાસ કરીને હત્યારાઓને પકડવાની તીવ્ર માંગણી કરી હતી.

બાદમાં ક્ષત્રિય ઠાકોર સમાજના આગેવાનો ભાઈ બહેનો ને તરભ ગ્રામજનો રેલી સ્વરૂપે મામલતદાર કચેરીએ ગયા હતા. જયાં મામલતદારને એક આવેનદપત્ર સુપ્રત કર્યુ હતું. આ આવેદનપત્રમાં એવો આક્ષેપ કરાયેલ છે કે, ગત તા. ૯-૫-૧૨ના રોજ ફેકટરીમાં શિવાજી વિરાજી ઠાકોરનું ખૂન કરી દેવામાં આવેલ છે. પરંતુ દુઃખની અને કમનસીબીની વાત એ છે કે, આજદિન સુધી પોલીસ હત્યારાઓ સુધી પહોંચી શકી નથી. તેમજ કોઈ નકકર તપાસ કરતી નથી. હત્યારાઓ ખુલ્લેઆમ ફરે છે. પોલીસતંત્ર સાવ મૌન છે. જેથી હત્યારાઓને સત્વરે પકડીને જેલમાં ધકેલવાની કાર્યવાહી કરી સાચો ન્યાય મળે તે માયે યોગ્ય કરવા જણાવ્યું છે.

# ડીસા પાલિકાએ લાખોના ખર્ચે વસાવેલ સફાઈના સાધન ધૂળ ખાય છે

## પુરતા સાધનો ન મળતા સફાઈકામમાં ઉણપ રહેતી હોવાનો સફાઈ કામદારોનો આક્ષેપ

ડીસા, તા.૨૮

ડીસા શહેરમાં સફાઈનો પ્રશ્ન પેચીદો બન્યો છે સફાઈના મામલાને લઈ થોડા દિવસ પહેલા ભાજપના સદસ્યોએ ઉગ્ર રજુઆત કરી હતી. તેઓ આક્ષેપ કરી રહ્યાં છે કે ભાજપના કોર્પોરેટરોના મત વિસ્તારમાં સફાઈના બાબતે ઘોર બેદરકારી અપનાવામાં આવ છે. સફાઈ કામદારો દિવસો સુધી કચરો ઉપાડતા ન હોવાથી કચરાના ઉકરડા સર્જાય છે. તો બીજી તરફ સફાઈ કામદારો એવો આક્ષેપ કરી રહ્યાં છે કે નગરપાલિકાએ થોડા મહિનાઓ પૂર્વે લાખો રૂપિયાના ખર્ચે સફાઈ માટેના સાધનો ખરીદ્યા હતાં જેમાં મોટા ભાગના સાધનો આજે હાથીખાનામાં ધુળ ખાઈ રહ્યાં છે અમોને પુરતા સાધન મળ્યા ન હોવાથી શહેરમાં સફાઈના કામમાં ઉણપ રહી જાય છે.

ડીસા શહેરમાં સફાઈના મામલે આરંભથી જ નગરપાલિકા તંત્ર પર માછલા ધોવાઈ રહ્યાં છે. ગંદુગોબરું બની ગયેલા શહેરને સ્વચ્છ કરાવવા માટે રજુઆતો કરી નગરવાસીઓ કંટાળ ગયા હતા એટલે પ્રજાના કામો માટે જે ચુંટાયેલા છે તેવા કોર્પોરેટરો પણ ઠેરઠેર પડેલા



(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

કચરાના ઢગલા, ઉભરાતી ગટરો અને ગંદકી અંગે રજુઆતો કરતા રહ્યા છે પરંતુ હજુ પ્રશ્ન હલ થયો નથી અને નગરપાલિકાના સત્તાધીશો સફાઈ માટે સ્ટાફ ઓછો છે, સાધનો નથી તેવા બહાના બતાવતા રહ્યાં છે ત્યારે થોડા મહિનાઓ અગાઉ નગરપાલિકાએ લાખો રૂપિયાના ખર્ચે સફાઈ માટે આધુનિક વસ્તુઓની ખરીદી કરી હતી.

સાધનોમાં મિની ટ્રેકટર, છકડા, હાથ ટ્રોલીઓ સહિતની વસ્તુઓની ખરીદી કરી હતી. પરંતુ હજુ સુધી મોટા ભાગના સાધનો નગરપાલિકાના હાથીખાનામાં ધુળ ખાઈ રહ્યા છે. હજુ એકસો ઉપરાંત હાથટ્રોલીઓ મિની ટ્રેકટર ટ્રોલી સહીતના સાધનો સફાઈ કર્મીઓનું કહેવું છે કે નગરપાલિકાએ સફાઈ માટે સાધન ખરીદ્યા પરંતુ મોટાભાગના હાથીખાનામાં પડયા છે અમોને ન અપાતા સફાઈ કામમાં અગવડ પડી રહી છે.

વધુમાં જણાવ્યું હતું કે નગરપાલિકાએ ખરીદેલ મિનીટ્રેકટર ટ્રોલીમાં કચરો ઓછો સમાય છે એટલે આટલા મોટા શહેરમાં નાના ટ્રેકટરથી કચરો એકઠો કરવો અશકય છે. મિની ટ્રેકટરને બદલે મોટું ટ્રેકટર લાવવાની જરૂર હતી એટલે મિની ટ્રેકટર હાથીખાનામાં પડયું પડયું ધુળ ખાઈ રહ્યું છે.

આ બાબતે નગરપાલિકા સુપ્રીટેન્ડન્ટ જવાનસિંહ ઠાકોરનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે મજુરોને કેટલા સાધનો અપાયા અને કેટલા પડયા છે તે વિગત અમારી પાસે ન હોય વધુમાં તેમણે હાથીખાનામાં તપાસ કરી વિગત સોંપવા જણાવ્યું હતું.

## ભાડાની તકરારમાં પેસેન્જરનો રિક્ષા ચાલક પર હુમલો

ઊંઝા, તા.૨૮

ઊંઝા નજીકના ઉનવા ગામે રીક્ષા ભાડાના છૂટા પૈસાની બાબતમાં પેસેન્જરે રીક્ષાચાલક પર તીક્ષ્ણ હથિયાર વડે હૂમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાનો બનાવ બન્યો છે.

જાણવા મળ્યા મુજબ ઊંઝા નજીકના ઉનવા ગામે બસ સ્ટેન્ડ પાસે એક મુસાફર અને રીક્ષાચાલક વચ્ચે ભાડાના છૂટા પૈસાની બાબતમાં બોલાચાલી થયા બાદ મામલો ઉગ્ર બન્યો હતો અને ઉશ્કેરાયેલ યુવાન મુસાફરે અચાનક ઓટો રીક્ષા ચાલક મદારજી ઠાકોર પર તીક્ષ્ણ હથિયાર વડે હૂમલો કર્યો હતો. જેથી રીક્ષાચાલકને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં તુરત ઊંઝા કોટેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં તેની સ્થિતિ ગંભીર જણાતાં વધુ સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયો હતો.

આ બાબતને પગલે બસ સ્ટેશન વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. બનાવની જાણ થતાં ઊંઝા પોલીસ દોડી આવી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## યાત્રાધામ પુષ્કરમાં પ્રવાસીઓ ઉમટી પડ્યા

હાલમાં ઉનાળાનું વેકેશન ચાલી રહ્યું છે ત્યારે લોકો જુદા જુદા વિસ્તારોમાં પ્રવાસ કરવા ઉપડી ગયા છે ત્યારે કાળઝાળ ગરમી વચ્ચે પણ રાજસ્થાનના અજમેર પાસે આવેલ યાત્રાધામ પુષ્કર રાજમાં પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. અત્રે આવેલા સરોવરમાં પ્રવાસીઓ જુદા જુદા ઘાટ ઉપર સ્થાન કરી ધાર્મીક વિધિ પંડીતો પાસે કરાવી રહ્યા છે. પુષ્કરરાજ યાત્રાધામ હાલ પ્રવાસીઓથી મોટી સંખ્યામાં શોભાયમાન બન્યું છે. લોકો હરવા ફરવાની મજા સાથે ધાર્મિકતામાં પણ ઓતપ્રોત બની ભાવ વિભોર બન્યા છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# પાલનપુરના ચિત્રાસણી પાસે રેલવે હબનો ઉગ્ર વિરોધ

પાલનપુર, તા. ૨૮

પાલનપુર-આબુ હાઈવે ઉપર ચિત્રાસણી પાસે રેલવે દ્વારા ભારતીય કન્ટેનર લિ. ગોડાઉન બનાવવા માટે ખેતીની ૮૦૦ એકર જમીન સંપાદનની કામગીરી હાથ ધરાતા આજે ખેડૂતો દ્વારા ઉગ્ર વિરોધ કરાયો હતો.

જે જમીન સંપાદીત કરવાની છે તેની હદ ચિત્રાસણી-કરજોડા પાસેના ગામો સૂરજપુરા, લક્ષ્મણપુરા, ચિત્રાસણી, હેબતપુર, સાંગ્રા અને અસ્માપુરાના ખેડૂતોએ આજે પાલનપુરમા રેલી કાઢી કલેક્ટર જે.બી. વોરાને, ધારાસભ્ય ગોવિંદ પ્રજાપતિ (પાલનપુર) અને વસંત ભટોળ (દાંતા)ની આગેવાની હેઠળ આવેદનપત્ર સોંપેલ.

આજે હજારો કિસાનો ખેતી કરી તેમનું ગુજરાન ચલાવે છે. ત્યારે ભારતીય કન્ટેનર નિગમ દ્વારા ૮૦૦ એકર જમીન રીકવાયર્ડ કરવાની થાય છે.

આ વિસ્તારના ભાવીસણા, કુંભાસણ, ગાદલવાડા, સાગ્રોસણા, બાદરપુર, ચંગવાડાની ખેડૂતોની જમીનોનું લેવલીંગ કરી ગામ વસાવ્યા હતા. જ્યાં આધુનિક ખેતી કરી આદર્શ ગામોના પુરસ્કાર મેળવ્યા છે.

ત્યારે રેલવે દ્વારા આ વિસ્તારમાં ગોડાઉનની હીલચાલ આરંભાતા વિશાળ ખેતીની જમીન સંપાદીતના વિરોધમાં રેલી દ્વારા ઉગ્ર વિરોધ કરાયો હતો.

# તલોદ ડેપોમાં એસ.ટી.ની સુવિધામાં વધારો : ડાકોરની બસ સેવા આરંભાઈ

તલોદ, તા. ૨૮

તલોદ ડેપોમાં એસ.ટી.ની સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે. જેથી મુસાફરોમાં રાહતની લહેર પ્રસરી છે. છેલ્લાં કેટલાક સમયથી અમદાવાદ- તલોદની સાંજની બસ બંધ હતી કે પુનઃ ચાલુ થતાં નોકરીયાત વર્ગને સાંજે રાહત મળેલ છે.

આજ પ્રમાણે તલોદથી અમદાવાદ વાયા મજરા- ચિલોડાની સમયમાં ફેરફાર કરીને ચાલુ કરેલ છે. આ બસ સાંજે ૫.૧૦ કલાકે ઉપડી અમદાવાદ સાંજે ૭.૧૦ કલાકે પહોંચાડશે. તે જ બસ રૂટ પરત સાંજે ૭.૩૦ કલાકે અમદાવાદથી ઉપડી તલોદ રાત્રે ૯.૩૦ કલાકે પહોંચશે. વિશેષમાં ધર્મ પ્રેમીઓની માગણીને લક્ષમાં લઈને તલોદથી ડાકોર સવારે ૭.૦૦ વાગે ઉપડશે. અને ડાકોરથી તલોદ આવવા માટે ૧૦.૪૫ કલાકે ઉપડશે.



૩૧મી મેના દિવસે ભાવ વધારાના વિરોધમાં બંધની હાકલ કરવામા આવી છે. આ સંબંધમાં મેઘાણીનગરથી ભાજપની રેલી નિકળી હતી.

# બનાસ બેંકના સહયોગથી વાવ તાલુકાની ખેડૂત શિબિર યોજાઈ

બનાસકાંઠા, તા. ૨૮

**છેલ્લા ઘણા વર્ષોની પરંપરા મુજબ રાજય સરકાર ધ્વારા ગુજરાતમાં એક મહીના સુધી મુખ્યમંત્રી સહીત સહુ મંત્રીમંડળના સભ્યો, સચિવો, ઉચ્ચ અધિકારીઓ, ખેતીવાડી ખાતુ, કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો વિગેરે ગુજરાતના ગામડાઓમાં ખૂણે ખૂણે સુધી પહોંચીને ખેડૂતોને કૃષિ સંબંધિત જ્ઞાનથી અવગત કરવાના પ્રયાસો કરે છે. તે મુજબ કૃષિ મહોત્સવ–૨૦૧૨ અંતર્ગત વાવ તાલુકાની ખેડૂત શિબિર બનાસબેંકના સહયોગથી વાવ તાલુકાના રડકા ગામે બનાસબેંકના ચેરમેન અને રાધનપુરના ધારાસભ્યશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.**

**ખૂબજ મોટી સંખ્યામાં હાજર રહેલ ખેડૂતોને સંબોધતા શ્રી શંકરભાઈએ જણાવ્યુ હતું કે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સહીત રાજય સરકારની આખેઆખી ટીમ એક મહીના સુધી બળબળતી ગરમીમાં ગામડાઓ ખુંદી રહી છે તેનો એક માત્ર ઉદેશ્ય ખેડૂતોની આર્થિક સધ્ધરતા થકી સમગ્ર રાજયનો વિકાસ કરવાનો છે. આ પ્રસંગે તેમણે બનાસબેંકના માધ્યમથી શકય તેટલા વધુમાં**





**વધુ ખેડૂતોપયોગી કાર્યો કરવાની ખાત્રી ઉચ્ચારી હતી, અને બનાસબેંક ધ્વારા ચાલુ સાલે વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન માટે છ મહીનાની મહેનતથી તૈયાર કરેલ માર્ગદર્શક પુસ્તીકાનો વધુમાં વધુ ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત તેમણે રાજય સરકારના પ્રયાસોથી આ વિસ્તારમાં થયેલા બે મોટામાં મોટા કાર્યો એક એશિયાનો મોટામાં મોટો સોલાર પ્લાન્ટ અને બીજુ ખેતરે ખેતરે પહોંચી રહેલા નર્મદાના નીર થકી ખેડૂતો માટે સોનાનો સુરજ ઉગવા જઈ રહયો છે. તેમ ભારપૂર્વક જણાવ્યુ હતુ. હવે આર્થિક વિકાસ થશે તેની સાથે સાથે તેમણે યુવાનોને શીખ આપતા વ્યસનોથી દૂર રહેવાની તેમજ મા–બાપને દરરોજ પગે લાગવાની હદયસ્પર્શી માર્મીક અપીલ કરી હતી.**

**આ પ્રસંગે શિબિરના ઉદઘાટક અને ગુજરાત એસ.ટી. નિગમના ડીરેકટરશ્રી અરજણભાઈ રબારીએ બનાસબેંક અને તેના સુકાની શ્રી શંકરભાઈ ધ્વારા ખેડૂતો માટે થઈ રહેલ કાર્યોની સરાહના કરી હતી. બનાસબેંકના ડીરેકટર, એ.પી.એમ.સી. થરાના ચેરમેન અને બનાસકાંઠા જીલ્લા સહકારી સંઘના ચેરમેન અણદાભાઈ પટેલે પણ બનાસબેંક ધ્વારા થઈ રહેલા ખેડૂત લક્ષી પગલાઓને બીરદાવ્યા હતા. કાર્યક્રમની પ્રારંભે કૃષિ યુનિ.ના તજજ્ઞોએ એકર દિઠ ઉત્પાદન વધારવા વિવિધ વિષયો ઉપર માહિતી પુરી પાડી હતી. તેમજ મુખ્યમંત્રીનું વિડીયો ધ્વારા પ્રવચન પણ સહુ ખેડૂતોએ એક ચીત્તે સાંભળ્યુ હતું.**

**આ ખેડૂત શિબિરમાં બનાસબેંકના ડીરેકટરોશ્રી માવજીભાઈ પટેલ, તેજાબા, કેશરભાઈ, રેશાભાઈ પટેલ સહીત વાવ એ.પી.એમ.સી.ના ચેરમેન, ખેમજીભાઈ, વાવ યુવરાજ ગજેન્દ્રસિંહ ચૌહાણ, જીલ્લા ભાજપ મહામંત્રી ગુમાનસિંહ ચૌહાણ, પાલનપુર એ.પી.એમ.સી.ના ચેરમેન પરથીભાઈ લોહ, જીલ્લા ભાજપ મંત્રી ભગવાનભાઈ કુગશીયા, જીલ્લા સંઘના માનદમંત્રી નરસંગભાઈ કરેણ, ખેડૂત અગ્રણી ડાયાભાઈ પીલીયાતર, જીલ્લા પંચાયત સદસ્ય ભગવાનભાઈ વ્યાસ, વાવ તાલુકા પંચાયતના પ્રમુખ પીરાભાઈ ગામોટ, વાવ તા.ખે.વે. સંઘના ચેરમેન પાંચાભાઈ પટેલ, ખેડૂત અગ્રણી દાનાજી ચાવડા, ઉમેદદાનજી ગઢવી, કૃષિ યુનિવર્સિટીના વિવિધ તજજ્ઞો હરીભાઈ આચાર્ય, નરેશભાઈ અખાણી, શ્રી ધનજીભાઈ ગોહિલ, તાલુકા ભાજપના પ્રમુખશ્રી વિરજીભાઈ પટેલ, મહામંત્રીશ્રી અણદાજી ઠાકોર, હીરાજી ઠાકોર, જી.પં.સદસ્ય શ્રી આંબાભાઈ વેંઝીયા, દુદાજી રાજપુત ભરડવા, ભાભર એ.પી.એમ.સી.ના ચેરમેન લાલજીભાઈ પટેલ વિગેરે અગ્રણીઓ સહીત મોટી સંખ્યામાં મંડળીઓના ચેરમેન, મંત્રીઓ તથા બહેનો હાજર રહયા હતા.**

## રાજ્યમાં કાળઝાળ ગરમીનું મોજુ : ઈડરમાં ૪૨.૨ ડિગ્રી

અમદાવાદ સહિતા સમગ્ર રાજ્યમાં આજે કાળઝાળ ગરમીનું તીવ્ર મોજુ ચાલુ રહ્યું હતું. ગરમી ઉપરાંત ઉકળાટ વધારે હોવાથી લોકો પરસેવે રેબજેબ થઈ જાય છે. લોકોએ બપોરે ઘરમાં જ રહેવાનું પસંદ કર્યું હતું. રાજ્યના નવ શહેરોમાં ગરમી ૪૦ ડિગ્રીથી વધુ નોંધાઈ હતી. રાજ્યમાં સૌથી વધારે ગરમી ઈડરમાં ૪૨.૨ ડીગ્રી નોંધાઈ હતી. આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં તીવ્ર ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૪૧.૯ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૭ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૦ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૧૯ ટકા નોંધાયુ હતું. રાજ્યમાં મહત્તમ તાપમાન વડોદરામાં ૪૦.૦, રાજકોટ ૪૧.૯, સુરતમાં ૩૫.૦, ભુજમાં ૩૮.૪, ભાવનગર ૩૯.૫, અમરેલી ૪૧.૦, ડિસા ૪૧.૬, ગાંધીનગર ૪૧.૬, વલ્લભવિદ્યાનગર ૪૧.૪, સુરેન્દ્રનગર ૪૧.૮, મહુવા ૩૬.૮, પોરબંદર ૩૩.૬, દિવ ૩૪.૨, કંડલા બંદર ૩૬.૧ ડિગ્રી નોંધાયુંહતું.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮